Shah Steel
SINCE - 1969
M.S.ANGEL, CHANNEL, BEAM, PLATE CRC, HR,G.I SHEETS M.S.FLAT, ROUND, SQUARE, BRIGHT BAR AND T.M.T BARS
WHOLESALE AND RETAIL STOCKIST & SUPPLIER
B-IND.129-A, UDHNA SANCH COMPLEX, NEW UDHNA DINDOLI ROAD, UDHYOG NAGAR, UDHNA, SURAT-394 210.
PH.: 0261 227962, 2277137 • E-mail : shahnco118@gmail.com
Mobile: 9377722118, 9374718583
SAIL | BALBIR | AM/NS INDIA | JSW | MONNET | JINDAL STEEL & POWER

# ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રી: મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા

શું આપની ટાંકી ઉભરાય છે?
શું આપની ટાંકી ખાલી થઈ જાય છે?
ઓટોમેટીક સ્વીચ લગાવો જે મોટર ને ઓટોમેટીક ચાલુ-બંધ કરે છે.
અમર ઈલેક્ટ્રોનીક કન્ટ્રોલ્સ
૫, દરીયા મહેલ એપાર્ટમેન્ટ, સુરત મહાનગરપાલિકા સામે, મુગલીસરા,સુરત.
ફોન : 2429322 મો : 9824059872

માલિકઃ ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાનઃ ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ | e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગઃ ૨૫૯૯૯૯૧, ફેક્સઃ ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગઃ ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષઃ ૧૬૩ * * * સંવત ૨૦૮૨ ફાગણ સુદ આઠમ મંગળવાર ૨૪ ફેબ્રુઆરી, ૨૦૨૬ * * * દૈનિક : ૮૯ - અંક : ૧૦૪ પાનાં ૧૬ કિંમત ₹ ૫.૦૦

# મેક્સિકોમાં સૌથી મોટો ડ્રગ માફિયા ઠાર : દેશભરમાં હિંસા







**અમેરિકી** સરકારે તેના પર 136 કરોડ રૂપિયાનું ઈનામ જાહેર કર્યું હતું અને ટ્રમ્પ લાંબા સમયથી મેક્સિકો પર આ માફિયા વિરુદ્ધ કાર્યવાહી કરવા દબાણ કરી રહ્યા હતા

**CJNG** નામની અતિ શક્તિશાળી ડ્રગ્સ ટોળકીનો વડો અલ-મેન્ચો સેનાના ખાસ ઓપરેશન દરમિયાન માર્યો ગયો, તેની સાથે તેના 9 જેટલા સાથીઓ પણ મરાયા

**આ ઘટના** પછી અલ-મેન્ચોના ટેકેદારોએ સમગ્ર મેક્સિકોમાં હિંસા, આગજની અને તોડફોડ શરૂ કરી

**મેક્સિકો સિટી, તા. 23:** મેક્સિકોમાં રવિવારે સેનાએ એક વિશેષ ઓપરેશન ચલાવીને દેશના સૌથી મોટા ડ્રગ માફિયા સરગના નેમેસિયો ઓસેગુએરા સર્વાન્ટેસ ઉર્ફે અલ મેન્ચોને ઠાર માર્યો છે. આ સમાચાર વાયુવેગે ફેલાતા જ સમગ્ર દેશમાં આગજની અને હિંસા ફાટી નીકળી છે. મેન્ચોના સમર્થકોએ બદલો લેવા માટે હાઈવે જામ કરી દીધા છે અને વાહનોમાં તોડફોડ કરી રહ્યા છે. સેનાના ઓપરેશન દરમિયાન તલપલા શહેરમાં તે ઘાયલ થયો હતો. તેને એરલિફ્ટ કરીને મેક્સિકો સિટી લઈ જવામાં આવી રહ્યો હતો, પરંતુ રસ્તામાં જ તેણે દમ તોડી દીધો. આ ઓપરેશનમાં મેન્ચો ઉપરાંત અન્ય ઓછામાં ઓછા 9 ગુનેગારો પણ માર્યા ગયા છે. ન્યૂયોર્ક ટાઈમ્સના રિપોર્ટ મુજબ, એલ મેન્ચો જલિસ્કો ન્યૂ જનરેશન કાર્ટેલ (CJNG)નો લીડર હતો. આ ગ્રુપ મેક્સિકોમાં ડ્રગ્સ બનાવવા, વેચવા, સ્થાનિક વેપારીઓ પાસેથી ખંડણી વસૂલવા અને લોકોમાં દહેશત ફેલાવવા માટે કુખ્યાત છે. આ કાર્ટેલની હાજરી અમેરિકાના

...અનુસંધાન પાના 15 પર

## કાર્ટેલ પર કબજા માટે ભારે લડાઇ થવાનો ભય: મેન્ચોની બોસ પત્ની હાલ લાપતા

નિષ્ણાતો માને છે કે જો કાર્ટેલની અંદર મેન્ચોના વારસદારને લઈને લડાઈ શરૂ થશે, તો લોહીની નદીઓ વહી શકે છે. કાર્ટેલ લીડરની પૂર્વ પત્ની રોઝાલિન્ડા ગોન્ઝાલેઝ વેલેન્સિયાના ભાવિ અંગે અટકળો તેજ બની છે. રવિવારે હાથ ધરવામાં આવેલા સૈન્ય ઓપરેશન બાદ, સમગ્ર વિસ્તારમાં હિંસા વધી છે અને સત્તાવાળાઓએ સુરક્ષા સખત કરી દીધી છે. આ દરમિયાન, સૌનું ધ્યાન જલિસ્કો ન્યૂ જનરેશન કાર્ટેલની મહત્વની વ્યક્તિ ગોન્ઝાલેઝ પર કેન્દ્રિત થયું છે, જે હાલ ક્યાં છે તેની કોઈ જાણકારી નથી. મેક્સિકોના ગૃહ મંત્રાલયના જણાવ્યા અનુસાર, ‘લા

...અનુસંધાન પાના 15 પર

## મેક્સિકોમાં ભયનો માહોલ : અનેક રાજ્યોમાં શાળાઓ બંધ

**ગ્વાડાલજારા (મેક્સિકો).** મેક્સિકોના સૈન્ય દ્વારા ‘જેલિસ્કો ન્યૂ જનરેશન કાર્ટેલ’ના શક્તિશાળી નેતાને ઠાર મારવામાં આવ્યા બાદ ફાટી નીકળેલી વ્યાપક હિંસાને કારણે મેક્સિકોના અનેક રાજ્યોમાં શાળાઓ બંધ કરી દેવામાં આવી હતી અને સ્થાનિક તેમજ વિદેશી સરકારોએ તેમના નાગરિકોને ઘરમાં જ રહેવાની ચેતવણી આપી હતી. મેક્સિકન સૈન્ય જ્યારે તેને પકડવાનો પ્રયાસ કરી રહ્યું હતું ત્યારે તેના વતન રાજ્ય જેલિસ્કોમાં થયેલા એન્કાઉન્ટરમાં તે માર્યો ગયો હતો. કાર્ટેલના સભ્યોએ દેશભરમાં હિંસા સાથે પ્રતિક્રિયા આપી હતી, જેમાં રસ્તાઓ રોકવામાં આવ્યા હતા અને વાહનોને આગ ચાંપવામાં આવી હતી. રાષ્ટ્ર પ્રમુખ ક્લાઉડિયા શેનબૌમે શાંતિ જાળવવાની અપીલ કરી હતી અને અધિકારીઓએ રવિવારે મોડી રાત્રે જાહેરાત કરી હતી કે તેઓએ ૨૦ રાજ્યોમાં કાર્ટેલ દ્વારા કરવામાં આવેલા ૨૫૦ થી વધુ રસ્તાના અવરોધોમાંથી મોટાભાગના દૂર કરી દીધા છે. વ્હાઇટ હાઉસે પુષ્ટિ કરી છે કે યુએસએ કાર્ટેલ નેતાને પકડવાના ઓપરેશનમાં ગુપ્તચર સહાય પૂરી પાડી હતી અને બંને દેશોના સૌથી વોન્ટેડ ગુનેગારોમાંના

...અનુસંધાન પાના 15 પર

## મેન્ચોના ટેકેદારોના હુમલાઓમાં મેક્સિકન નેશનલ ગાર્ડના ૨૫ સભ્યોનાં મોત

મેક્સિકોના સુરક્ષા સચિવ ઓમર ગાર્સિયા હરફુચે સોમવારે જણાવ્યું હતું કે, જેલિસ્કો ન્યુ જનરેશન કાર્ટેલના નેતા નેમેસિયો ઓસેગુએરા સર્વાન્ટેસની હત્યા બાદ, જેલિસ્કોમાં છ અલગ-અલગ હુમલાઓમાં નેશનલ ગાર્ડના 25 સભ્યો માર્યા ગયા હતા.

## મેક્સિકોમાં માફિયા બોસીસ સમાંતર સરકાર પણ ચલાવે છે

**મેક્સિકન** ડ્રગ માફિયાઓની પ્રચંડ શક્તિનો ખયાલ એના પરથી આવી શકે છે કે સિનાલોઆ કાર્ટેલના ચીફ અલ-ચાપોનું નામ તો ફોર્બ્સ મેગેઝિનની વિશ્વના સૌથી શક્તિશાળી લોકોની યાદીમાં પણ આવી ચુક્યું છે

**મેક્સિકો સિટી :** મેક્સિકોના જલિસ્કો ન્યૂ જનરેશન કાર્ટેલ(CJNG)ના નેતા નેમેસિયો ઓસેગુએરા સર્વાન્ટેસ, ઉર્ફે એલ મેન્ચોની હત્યાએ દેશના પશ્ચિમ ભાગને અરાજકતામાં ધકેલી દીધો છે. મેક્સિકોમાં ડ્રગ માફિયાઓ એટલી શક્તિ ધરાવે છે કે તેઓ સમાંતર સરકાર ચલાવે છે, અને જ્યારે કોઈ કાર્ટેલ બોસનું પતન થાય છે, ત્યારે ભારે તોફાન અને અંધાધૂંધી મચી શકે છે. મેક્સિકન ડ્રગ કાર્ટેલના વડાઓની પ્રચંડ શક્તિનો અંદાજ એ વાત પરથી લગાવી શકાય છે કે સિનાલોઆ કાર્ટેલના ચીફ જોકવિન ‘અલ

...અનુસંધાન પાના 15 પર

## મેક્સિકોમાં રહેતા ભારતીયો માટે દુતાવાસે માર્ગદર્શિકા જારી કરી

**મેક્સિકો સિટી.** મેક્સિકોમાં ભારતીય દૂતાવાસે સોમવારે ત્યાં વસતા ભારતીય નાગરિકો માટે એક માર્ગદર્શિકા જારી કરી છે. મેક્સિકન સૈનિકો દ્વારા એક ટોચના ડ્રગ કાર્ટેલ નેતાને ઠાર માર્યા બાદ ફાટી નીકળેલી હિંસાને ધ્યાનમાં રાખીને, દૂતાવાસે ભારતીયોને સાવધ રહેવા અને ઘરની અંદર જ રહેવા વિનંતી કરી છે. મેક્સિકોમાં ભારતીય દૂતાવાસે ‘X’ પર પોસ્ટ કર્યું કેઃ મેક્સિકોમાં રહેતા તમામ ભારતીય નાગરિકો જોગ. હાલમાં સુરક્ષા કામગીરી, રસ્તાઓ પર અવરોધ અને ગુનાહિત પ્રવૃત્તિઓ ચાલી રહી છે. જેલિસ્કો સ્ટેટ (પ્યુર્ટો વલેર્ટા, ચાપાલા અને ગુઆડાલજારાના વિસ્તારો), તામાઉલિપાસ સ્ટેટ (રેનોસા અને અન્ય નગરપાલિકાઓ), મિચોઆકન સ્ટેટ, ગુરેરો સ્ટેટ અને નુએવો લિયોન સ્ટેટમાં રહેતા ભારતીય નાગરિકોએ આગામી સૂચના ન મળે ત્યાં સુધી સુરક્ષિત સ્થાનો પર (ઘરની અંદર) જ રહેવું જોઈએ. દૂતાવાસ દ્વારા અન્ય સુરક્ષા સૂચનાઓ પણ જાહેર કરવામાં આવી હતીઃ કાયદા અમલીકરણ એજન્સીઓની ગતિવિધિઓવાળા વિસ્તારોથી દૂર રહો. તમારી આસપાસના વાતાવરણ પ્રત્યે

...અનુસંધાન પાના 15 પર

## પોતાની ખાનગી સેના ધરાવતી મેક્સિકોની ડ્રગ કાર્ટેલ્સની વાર્ષિક આવક રૂ. 1 લાખ કરોડથી વધુ

રિપોર્ટ્સ અનુસાર, આ ડ્રગ કાર્ટેલ્સ પાસે મેક્સિકોની સત્તાવાર એરલાઈન્સ કરતા પાંચ ગણા વધારે વિમાન અને હેલિકોપ્ટર છે. તેમની પાસે પોતાની ખાનગી સેના છે જેમાં આશરે 1.60 લાખથી 1.85 લાખ સભ્યો છે. આ ગુનેગારો

...અનુસંધાન પાના 15 પર

## દિલ્હી ડાયરી



### ભાજપ નેતૃત્વના વિશ્વાસુ અને આક્રમક સાંસદ : નિશિકાંત દુબે

નિશિકાંત દુબે ભલે ઝારખંડના માત્ર એક ભાજપના લોકસભા સભ્ય હોય, પરંતુ તેમનો પ્રભાવ ઘણા કેન્દ્રીય મંત્રીઓ અને વરિષ્ઠ પક્ષના નેતાઓ કરતાં પણ વધુ જણાય છે. કોંગ્રેસ, ખાસ કરીને નેહરુ-ગાંધી પરિવાર પરના તેમના તીખા અને સતત હુમલાઓના કારણે તેમના પર ભાજપના ટોચના નેતૃત્વની કૃપા થઇ હોય તેમ લાગે છે. તાજેતરમાં જ નેશનલ ડેમોક્રેટિક એલાયન્સ (એનડીએ)ના સાંસદોની બંધ બારણે મળેલી બેઠકમાં વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ગૃહની કાર્યવાહીમાં નિયમિત હાજરી આપવા બદલ દુબેની જાહેરમાં પ્રશંસા કરી હતી. વડા પ્રધાનની આ પ્રશંસાથી પ્રોત્સાહિત થઈને ઝારખંડના ગોડ્ડા મતવિસ્તારના આ ચાર વખતના સાંસદે નેહરુ-ગાંધી પરિવાર સામે પોતાનો આક્રમક મોરચો વધુ તેજ કર્યો છે. ખાસ કરીને જ્યારે પૂર્વ આર્મી ચીફ જનરલ એમ.એમ. નરવણેના પુસ્તકનો ઉલ્લેખ કરવા પર રાહુલ ગાંધીને રોકવામાં આવ્યા ત્યારે લોકસભામાં ભારે હોબાળો થયો હતો. વિરોધ પક્ષના નેતા તરીકે

...અનુસંધાન પાના 15 પર

## અલી ખામેની ડૂમ્સડે માટે તૈયાર?: પોતાના ઉત્તરાધિકારી નક્કી કરી લીધા હોવાના અહેવાલ

**અમેરિકાના** હુમલા પછીના સંજોગો માટે ઇરાનના સર્વોચ્ચ નેતાએ લશ્કરી અને સરકારી હોદ્દાઓ માટે ચાર સ્તરની ઉત્તરાધિકારી શ્રેણી નક્કી કરી લીધી



**તહેરાન, વૉશિંગ્ટન, તા. 23:** ઈરાનના સર્વોચ્ચ નેતા અલી ખામેની એક ‘ડૂમ્સડે’ (પ્રલય)ની સ્થિતિ માટે આયોજન કરી રહ્યા છે, કારણ કે પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે આ રાષ્ટ્ર સાથેની પરમાણુ વાટાઘાટો માટે નવી અંતિમ મુદત નક્કી કરી છે. ટ્રમ્પના મધ્ય પૂર્વના મુખ્ય વાટાઘાટકારો - વિશેષ દૂત સ્ટીવ વિટકોફ અને તેમના જમાઈ જેરેડ કુશ્નર - આ ગુરુવારે જિનીવામાં ઈરાની પ્રતિનિધિઓ સાથે નવા પરમાણુ સોદા અંગે ચર્ચા કરવા માટે મળવાના છે. જો કે, પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ આગામી 10 થી 15 દિવસમાં ઈરાન પર હુમલાની શક્યતાને નકારી રહ્યા નથી.

ઈરાનના ટોચના રાષ્ટ્રીય સુરક્ષા અધિકારી અને ખમેનીના સલાહકાર અલી લારીજાની માને છે કે તેમનો દેશ ગમે તે પરિસ્થિતિનો સામનો કરવા તૈયાર છે. આ મહિને કતારમાં અલ જઝીરા સાથે વાત કરતા લારીજાનીએ કહ્યું હતું કે, અમે અમારા દેશમાં તૈયાર છીએ. અમે ચોક્કસપણે પહેલા કરતા વધુ શક્તિશાળી છીએ. અમે છેલ્લા સાત-આઠ મહિનામાં તૈયારી કરી છે, અમારી નબળાઈઓ શોધી છે અને તેને સુધારી છે. અમે યુદ્ધ ઈચ્છતા

...અનુસંધાન પાના 15 પર

## ભારતે ઈરાનમાં રહેતા તમામ ભારતીય નાગરિકોને દેશ છોડવા કહ્યું

**નવી દિલ્હી.** ભારત સરકારે સોમવારે ઈરાનમાં વસતા તમામ ભારતીય નાગરિકોને હાલની સુરક્ષા પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને વહેલી તકે ઈરાન છોડવાની સલાહ આપી છે. ઈરાનમાં તેહરાન સહિતના વિસ્તારોમાં થઈ રહેલા તાજા વિરોધ પ્રદર્શનો અને ગલ્ફ દેશો પર અમેરિકાના સંભવિત સૈન્ય હુમલાના વધતા ભય વચ્ચે ભારતીય દૂતાવાસે આ નવી એડવાઈઝરી જારી કરી

...અનુસંધાન પાના 15 પર

## હજી વધુ સખત અને કડવા ટેરિફો લાદી શકું છું: ટ્રમ્પની ધમકી

**પોતાના** ટ્રુથ સોશિયલ નેટવર્ક પર કરેલી પોસ્ટમાં ટ્રમ્પના સુપ્રીમ કોર્ટના છ જજો પર આકરા પ્રહારો

**વૉશિંગ્ટન, તા. 23:** ડોનાલ્ડ ટ્રમ્પે જાહેર કર્યું છે કે તેઓ અત્યાર સુધી તેમણે કર્યું છે તેના કરતા પણ ‘વધુ શક્તિશાળી અને અપ્રિય’ રીતે ટેરિફનો ઉપયોગ કરી શકે છે.

તેમના ટ્રુથ સોશિયલ નેટવર્ક પર પોસ્ટ કરતા, યુએસ પ્રમુખે ગયા શુક્રવારે તેમના વ્યાપક વૈશ્વિક ટેરિફ વિરુદ્ધ ચુકાદો આપવા બદલ સુપ્રીમ કોર્ટ પર ફરીથી પ્રહાર કર્યા હતા - અને તેમને ‘અસમર્થ’ ગણાવ્યા હતા. તેમણે એવો પણ દાવો કર્યો છે કે ન્યાયાધીશોએ ‘અજાણતામાં અને અજાણપણે’ ટેરિફ પર તેમની રાષ્ટ્રપતિ તરીકેની સત્તાઓનો વિસ્તાર કર્યો છે. ટ્રમ્પે સોશ્યલ મીડિયા પર લખ્યું હતું કે અમેરિકાની સુપ્રીમ કોર્ટે (સંપૂર્ણ આદરના અભાવને કારણે હવે થોડા સમય માટે નાના અક્ષરોનો ઉપયોગ કરીશ!) અજાણતા અને અજાણપણે

...અનુસંધાન પાના 15 પર

### અમેરિકા સાથે રમત રમતા દેશો પર વધુ આકરા ટેરિફ ઝિંકાશેઃ ટ્રમ્પ

**વૉશિંગ્ટન :** ભારોભાર ગુસ્સામાં દેખાઈ રહેલા ડોનાલ્ડ ટ્રમ્પે સોશિયલ મીડિયા પર પોસ્ટ કર્યું છે કે, જે કોઈપણ દેશ અમેરિકા સાથે ‘રમત રમવાનું’ પસંદ કરશે, તેણે વધુ ઊંચા ટેરિફનો સામનો કરવો પડશે. ટ્રુથ સોશિયલ પરની અન્ય એક પોસ્ટમાં પ્રમુખ કહે છેઃ કોઈપણ દેશ જે સુપ્રીમ કોર્ટના આ હાસ્યાસ્પદ નિર્ણય બાબતે ‘રમત રમવા’ માંગે છે, ખાસ કરીને એવા દેશો જેમણે વર્ષો સુધી, અને દાયકાઓ સુધી પણ યુએસએ ને ‘લૂંટ્યું’ છે, તેમને અત્યારે તાજેતરમાં જે નક્કી કરવામાં આવ્યું હતું તેના કરતાં પણ વધુ ઊંચા ટેરિફ અને તેનાથી પણ ખરાબ પરિસ્થિતિનો સામનો કરવો પડશે. ખરીદનાર સાવધાન!!!. આ બાબત પર ધ્યાન આપવા બદલ આભાર. પ્રમુખ ડોનાલ્ડ જે. ટ્રમ્પ.” તેમના મનમાં કયા દેશો છે તે હજુ સ્પષ્ટ નથી, પરંતુ આજે અગાઉ ટેરિફ અંગેની અનિશ્ચિતતાને કારણે યુરોપિયન યુનિયન (EU) એ અમેરિકા સાથેના તેના વેપાર કરારની બહાલી મોકૂફ રાખી હતી.

## EPFOનો મોટો નિર્ણય: 7 લાખ નિષ્ક્રિય ખાતાઓના નાણાં પરત મળશે

**‘ઈપીએફઓ** 3.0’ પ્રોજેક્ટ હેઠળ ડિજિટલ ટ્રાન્સફોર્મેશન પર પણ કામ થઈ રહ્યું છે ક્લેમ સેટલમેન્ટનો સમય 3 દિવસથી પણ ઓછો થઈ જશે

**નવી દિલ્હી, તા. 23 (PTI):** એમ્પ્લોઈઝ પ્રોવિડન્ટ ફંડ ઓર્ગેનાઈઝેશનના (ઈપીએફઓ) લાખો ખાતાધારકો માટે રાહતના સમાચાર છે. શ્રમ મંત્રાલયના સૂત્રોના જણાવ્યા અનુસાર, ઈપીએફઓના સાત લાખથી વધુ નિષ્ક્રિય ખાતાઓમાં પડેલા કુલ 30.52 કરોડ રૂપિયા ટૂંક સમયમાં ખાતાધારકો અથવા તેમના વારસદારોને પરત કરવામાં આવશે. મંત્રાલયે એક સમીક્ષા બેઠકમાં રૂ. 1,000 સુધીનું બેલેન્સ ધરાવતા 7.11 લાખ નિષ્ક્રિય ખાતાઓનો તાત્કાલિક નિકાલ કરવાનો નિર્ણય લીધો છે. નિયમ મુજબ, જે પીએફ ખાતામાં 36 મહિનાથી વધુ સમય

...અનુસંધાન પાના 15 પર

## ઈરાનમાં ભીષણ વિરોધ પ્રદર્શન, યુનિ.માં ગોળીબાર, પોલીસે ટીયર ગેસ છોડ્યા

**લેબનોનમાં** અમેરિકી દૂતાવાસમાંથી બિન-જરૂરી સ્ટાફ અને તેમના પરિવારોને તાત્કાલિક બહાર કાઢવામાં આવ્યા



**તેહરાન, તા. 23:** ઈરાનમાં સરકાર વિરોધી આંદોલન ફરી એકવાર હિંસક બન્યું છે. જાન્યુઆરીમાં થયેલા પ્રદર્શનોમાં માર્યા ગયેલા લોકોની 40માં દિવસની પુણ્યતિથિ નિમિત્તે તેહરાન, મશહાદ સહિતની મુખ્ય યુનિવર્સિટીઓમાં વિદ્યાર્થીઓએ મોટા પાયે વિરોધ પ્રદર્શન કર્યા હતા. આ દરમિયાન સુરક્ષા દળોએ વિદ્યાર્થીઓ પર ટીયર ગેસ છોડ્યા હતા અને અંધાધૂંધ ગોળીબાર કર્યો હોવાના પણ અહેવાલો છે. પ્રદર્શનકારીઓએ સુપ્રીમ લીડર

...અનુસંધાન પાના 15 પર

## વાયુસેનાએ તેજસ ફાઈટરના સમગ્ર કાફલાની ઉડાન પર લગાવી રોક

**હાલના** વર્ષોમાં તેજસના ક્રેશ થવાના ત્રણ બનાવ બન્યા, એક ફેબ્રુઆરીના શરૂઆતમાં જ બન્યો હતો

**નવી દિલ્હી, તા. 23:** ભારતીય હવાઈ દળે સ્વદેશી ફાઈટર તેજસ વિમાનના સમગ્ર કાફલાના ઉડાન પર રોક લગાવી છે. આ મહિનાની શરૂઆતમાં જ તેજસ લાઈટ કોમ્બેટ એરક્રાફ્ટ ક્રેશ થયું હતું તાજેતરના વર્ષોમાં તેજસના ક્રેશ થવાની આ ત્રીજી ઘટના છે જેના પગલે આ નિર્ણય લેવાયો છે. ઉલ્લેખનીય છે કે ફેબ્રુઆરીની શરૂઆતમાં તેજસ વિમાન લેન્ડિંગ દરમિયાન અકસ્માતનો ભોગ બન્યું હતું આ ઘટનામાં પાયલોટ સુરક્ષિત રીતે બહાર નીકળી ગયો હતો, પરંતુ વિમાનને ગંભીર નુકસાન થતા તેને બિનઉપયોગી જાહેર કરવામાં આવ્યું હતું. અહેવાલો અનુસાર, રૂટિન ટ્રેનિંગ સોર્ટી પૂર્ણ કરી લેન્ડિંગ વખતે કોઈ ટેકનિકલ ખામી સર્જાઈ હોવાની

...અનુસંધાન પાના 15 પર

તા. ૨૩-૦૨-૨૦૨૬નું સુરત શહેરનું **હવામાન**

| મહત્તમ | લઘુત્તમ | ભેજ |
|---|---|---|
| ૩૭.૪° સે. | ૧૯.૮° સે. | ૩૬% |